# પરોપકાર

— કુસુમ ભૂપેન્દ્ર દવે

'આ કામળો કેટલાનો છે ?' એક કામળો વેચતા સેલ્સમેનને જોઈ મેં પૂછ્યું.

'બાબુજી.....તેની કિંમત અઢીસો રૂપિયા છે.' તેણે સ્પષ્ટ જવાબ દીધો. 'પૂરા સાતસો રૂપિયા તો મને મળે છે. જો હું અઢીસો રૂપિયાનો કામળો લઉં તો આખો મહિનો કેવી રીતે....પરંતુ રાતના સૂતી વખતે ઠંડી ઘણી લાગે છે. ઠીક છે....આ મહિને થોડી કરકસર–તંગી ભોગવીશ. ઓછામાં ઓછું ઠંડીથી તો રાહત મળશે.' મેં મારા મનમાં એવું વિચારીને પહેલાં તો દુકાનદારને થોડા ઓછા પૈસા કરવા કહ્યું પરંતુ તે ન માન્યો, તો અઢીસો રૂપિયામાં કામળો ખરીદીને આનંદથી હું મારા ઘર તરફ આવવા નીકળ્યો.

'બેટા.....મને જરા સડક ઓળંગાવી દો.' એક ધ્રૂજતો અવાજ સાંભળી મેં પાછળ ફરીને જોયું. મારી સામે એક વૃદ્ધ ઊભા હતા, જેના એક હાથમાં લાકડી અને બીજા હાથમાં વાટકો હતો. એના શરીર ઉપર ફક્ત એક ફાટેલું ધોતિયું હતું. મેં તેને જોતાં જ ઓળખી કાઢયા કે, તે એ જ વૃદ્ધ છે જે અમારા ઘરની સામેની બાલ્કની નીચે રોજ રાતના સૂતા હતા.

સડક ઓળંગાવવા જેવો મેં તેમને હાથ પકડયો, તો મારા મોંમાંથી અવાજ નીકળી પડયો, ' બાબા....તમને તો વધારે તાવ છે.'

'હા, બેટા.....આજકાલ ઠંડી ઘણી પડે છે.' તે ઉધરસ ખાતાં બોલ્યાં. 'જુગ, જુગ, જીવો બેટા.' બાલ્કનીની નીચે જમીન ઉપર સૂતાં તે મને ધન્યવાદ દેતાં બોલ્યા.

રાતના દસ થવા આવ્યા હતા. તેથી તેમને ત્યાં જ છોડીને હું ઘરે પહોંચ્યો. ભોજન સવારનું પડયું હતું. તેથી હાથ–મોં ધોઈને જમવા બેસી ગયો. આજ.....કમબખ્ત ભૂખ પણ લાગી નહોતી. કદાચ મારું મન પથારીમાં સૂઈને કામળાને આનંદ લેવા કહી રહ્યું હતું, જેને મેં મારા મહિનાના પગારમાંથી ખરીદ્યો હતો. તેથી હું જલદીથી જમવાનું પતાવીને પથારીમાં પડયો, અને કામળો ઓઢીને સૂવાની કોશિશ કરવા લાગ્યો.

પરંતુ જેવી મેં મારી આંખો બંધ કરી કે મારી સામે તે વૃદ્ધ બાબાનું દૂબળું–પાતળું શરીર નજરે પડયું.' તે કેવા ધ્રૂજી રહ્યા હતા ! આખી રાત તેને કેવી રીતે ઊંઘ આવશે ? તેને તો તાવ પણ વધારે હતો. એવી ઘણી વાતો મારા મનમાં રમી રહી હતી. તેના લીધે હું અડધી રાત સુધી સૂઈ ન શક્યો.

'બાબા.....ઠંડી ઘણી લાગે છે શું ?' મેં પથારીમાંથી ઊઠીને તેમની પાસે જઈને પૂછ્યું.

'હા, બેટા......ઘણી ઠંડી લાગે છે.' ધ્રૂજતા અવાજે તેમણે જવાબ દીધો.

'હવે નહીં લાગે.' એમ કહી મેં મારી પાસેનો કામળો તેમની ઉપર ઓઢાડી દીધો. અને ઘેર પાછો આવીને પલંગ ઉપર પાથરેલી ચાદર ઓઢીને હું સૂઈ ગયો.



આ વખતે હું ઘણો ખુશ હતો. એવું લાગતું હતું કે મારો અંતરાત્મા મને કહી રહ્યો છે કે જિંદગીમાં તેં પહેલું કોઈ સારું કામ કર્યું છે. ત્યારબાદ મને ક્યારે ઊંઘ આવી ગઈ. તેની ખબર ન પડી.

■